સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ગણેશના લાડુમાં પણ કમીશન હોય છે!
ખાય છે મૂષકો, ગુપ્ત પરમીશન હોય છે!
રિદ્ધિ-સિદ્ધિ રૂપી ન્યાય કોર્ટોએ મીંચી છે આંખ -
શસ્ત્રોની ખરીદીમાં પક્ષનું મિશન હોય છે!!

હાઈકુ

ભૂલથી પણ -
દુભવ્યું હોય દિલ
માગું છું માફી...

આપજો સૌને -
સુખ-શાંતિ ને શાતા -
સંવત્સરી

(ક્ષમાપના સાથે ઈશ્વર પ્રાર્થના)

ચિંતન

આનન્દાદ્ધ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે ।
આનન્દેન જાતાનિ જીવન્તિ । આનન્દં પ્રયન્ત્યભિસં વશન્તીતિ ॥

ઉપરોક્ત શ્લોક તૈતરીય ઉપનિષદમાં લેવામાં આવેલ છે.

આનંદમાંથી આ સમસ્ત ભૂતો ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલા આનંદથી જ જીવે છે. અને આ લોકમાંથી પ્રયાણ કરીને આનંદમાં જ પ્રવેશ પામે છે.

આમ આપણા અસ્તિત્વનો પાયો જ આનંદ છે, આપણા જીવનનું કેન્દ્ર જ આનંદ છે.

માનવના ચિત્તમાં આનંદ પ્રત્યે સતત અને તીવ્ર આકર્ષણ રહે જ છે. જે જેનું સ્વરૂપગત તત્વ હોય તેના પ્રત્યે તેને આકર્ષતા રહે છે, તેનું કારણ પણ એ જ છે કે આનંદ આપણું સ્વરુપ છે, આનંદ આપણા જીવનનું કેન્દ્ર છે.

સુવિચાર

- રડતો ના ઊભો થા, કામે લાગી જા, તકદીરનો ભરોસો ના તુ તકદીર બની જા - **પાંડુરંગ દાદા**
- ધર્મનો અર્થ એ આચાર અથવા તો જીવનને સુંદર બીબામાં ઢાળવું, આચારએ સર્વશ્રેષ્ઠ ધર્મ છે - **સ્વામિ સચ્ચિદાનંદ**
- ધનના લોભથી જગતમા કયારેય સારું કામ થયું નથી અને થશે પણ નહિં - **ઈમર્સન**
- જયાં કર્તાભાવ છે ત્યાં પરધર્મ છે. પરધર્મનું ફળ છે સંસાર - **દાદા ભગવાન**
- પરમાત્માનો ડર એ ડહાપણની શરુઆત છે - **અખંડ આનંદ**
- પ્રભુના સિંહાસન પાસે દયા બે રીતે મેળવી શકાય છે. પાપના ખુલ્લા એકરારથી અને ખોટા કરેલ કર્મોને સુધારી લોથી - **ભીખુદાન વાઘેલા**
- આજનું ઔષધ : વધુ પડતો પેશાબ થતો હોય તો મેથીની ભાજીનો રસ કાઢી તેમાં કાથો અને સાકર ઉમેરીને પીવો

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જાપાનમાં બાળકને છ વર્ષે શાળામાં દાખલ કરાય છે. દસેક વર્ષનું બાળક થાય તે ચાર વર્ષ દરમિયાન. તે બાળકને રાષ્ટ્રભક્ત બનાવવાના ઉત્તમ અને સઘન પ્રયત્નો કરાય છે. આ ચાર વર્ષ દરમિયાન શિક્ષકો બાળકોને પૂછે છે. 'આ તારું શરીર કઈ રીતે ચાલે છે ?' કોણ તેને તાકાત આપે છે? કોણ તેને જીવાડે છે?' જવાબમાં જાપાની બાળક કહે છે, 'મારા શરીરનું પોષણ અનાજ અને પાણી કરે છે. એના આધારે મારું શરીર ટકે છે અને કામ કરે છે.' બાળકને પ્રશ્ન પૂછવામાં આવે છે. 'કયા દેશનું પાણી અને કઈ ધરતીનું અનાજ તમે પીવો છો કે ખાઓ છો?' બાળક કહે છે, 'મારા શરીરને ટકાવી રાખવા માટે અને તેનું પોષણ કરવા માટે જાપાનનું અનાજ અને પાણી કારણભૂત છે. બીજા કોઈ રાષ્ટ્રના અનાજથી અમે જીવતા નથી કે જીવી શકીએ નહીં.' જાપાની બાળકના આવા જવાબો સાંભળી શિક્ષક તેને કહે છે, 'જે ધરતીના પાણીથી અને અનાજથી તારું શરીર ઘડાયું છે. એ ધરતીનો અને દેશનો તમારા પર એટલો અધિકાર તો ખરો જ કે એને જરૂર પડે તો એ તમારા શરીરનું બલિદાન માગે, ખરું ને ?' આ સાંભળી માતા-પિતા-ગુરુ પાસેથી ગળથૂથીમાં રાષ્ટ્રભક્તિ પામેલો જાપાની બાળક જવાબ આપે છે. 'હા, સાહેબ, જાપાનને જરૂર પડે ત્યારે મારું બલિદાન માંગી શકે છે, કારણ કે એના પર ખરો અધિકાર તો જાપાનનો જ છે.' જાપાની શાળાઓને રાષ્ટ્રભક્તિના પાઠ શીખવવા બદલ સો સલામ કરવી પડે.

ઉપવાસ આંદોલનના લેખાજોખા

તંત્રીસ્થાનેથી...

પાટીદાર આંદોલનના પ્રણેતા તરીકે હવે દુનિયાભરમાં યુવા નેતા હાર્દિક પટેલનું નામ ગાજતું થઈ ચૂક્યું છે. પાટીદાર સમાજને ઓબીસી કોટામાં સમાવવાની માંગ સાથે મહેસાણા અને વીસનગર જેવા ઉત્તમ ગુજરાતના પટેલ બહુલ વિસ્તારોમાં શરૂ થયેલું આંદોલન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સુધી વિસ્તર્યું એનું શ્રેય હાર્દિકના વણથંભ્યા કાર્યક્રમોને જ આપવું રહ્યું. 'એસ.પી.જી.' - સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતિ - 'પાસ' : બેઉ સંગઠનો એકમેકનાં પૂરક તેમજ પ્રતિસ્પર્ધી રહ્યાં છે. પરંતુ હાર્દિક પટેલની ઝુઝારું લડાયક વૃત્તિનો એસપીજીના આગેવાન લાલજી પટેલમાં સદંતર અભાવ હોઈ આજે અત્ર તત્ર સર્વત્ર પાટીદાર સમાજમાં ખરાં યા ખોટાં પગલાંને નામે હાર્દિક પટેલ બેતાજ બાદશાહ બની ગયેલ છે. હાર્દિક પટેલની માગણીઓ વારંવાર બદલાતી રહી છે. એની છેલ્લી માગણી ખેડૂતોનાં દેવા માફ કરવાની હતી, જેનો જવાબ ખુદ આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળની સરકારે 'ઝીર પરસેન્ટ ઈન્ટરેસ્ટ' વાળી લોન સ્કીમ દ્વારા આપી દીધેલો છે. ખેડૂતોનાં દેવાં સમૂળગાં માફ કરવાની માગણી વાહિયાત જ ગણાય. જો કે સામે વિજય માલ્યા અને નીરવ મોદી કે મેહુલ ચોકસી જેવા ધનકુબેરો બેન્કોને અબજો રૂપિયામાં નવડાવીને નાસી જાય છે એવી દલીલ પણ પ્રજાને વાજબા લાગતી હોઈ સુખી સંપન્ન ગણાતી અને વહેવાર સાચવવામાં પ્રતિષ્ઠા સમજતી પાટીદાર કોમના બૌદ્ધિકો સુદ્ધાં હાર્દિકના આંદોલનને આડકતરું સમર્થન આપતાં રહ્યા છે. હાર્દિક પટેલની અનામતવાળી માગણી કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાય એમ નથી એવું કહી સુપ્રીમ કોર્ટના આવા મુદ્દાઓના ચુકાદાઓ અને બંધારણની જોગવાઈઓ ટાંકનારાં 'ફોઈબા' - આનંદીબેનને પાટીદાર વોટબેંક નહીં સાચવી શકે એવા ગોપનીય અહેવાલનોને પગલે મુખ્યમંત્રી પદ અધવચ્ચે છોડવું પડ્યું. હાર્દિક પટેલ આનંદીબેનને હટાવ્યાનું શ્રેય લેતો નથી, પરંતુ ઉપવાસ છોડ્યા પછી ભારે કડવાશપૂર્વક એણે નીતિનભાઈ પટેલ પોતાના કારણે નાયબ મુખ્યમંત્રી પદ મેળવી શક્યા છે એવું અણગમતું નિવેદન તો કરી જ દીધું છે. વળી પોતે સમાજના આગેવાનો સમક્ષ ઝૂકવાનું પસંદકર્યું છે અને નહીં કે સરકાર સામે, એવું કહી સરકાર વિરુદ્ધ લડી લેવાની રણનીતિ ચાલુ રાખી છે. ઉપવાસના ઓગણીસમા દિવસ સુધી સરકારે નમતું નહીં જોખીને હાર્દિક પટેલને અને એના સમર્થકોને હેસિયત બતાવી દીધી છે. જો આવાં આંદોલનોથી હારી જવાતું હોય તો જયાંથી એના શ્રીગણેશ થયેલા તેવી મહેસાણા અને વીસનગરની વિધાનસભાની બેઠકો પર ભારતીય જનતા પાર્ટી બૂરા હાલે હારી હોત. સુરતમાં પણ હાર્દિકની રેલીઓમાં પાટીદાર સમાજના યુવાનો ઉમળકાભેર ઊમટ્યા હતા છતાં ત્યાંની તમામ બેઠકો ભારતીય જનતા પાર્ટીએ કબજે કરીને હાર્દિક પટેલની હવા કાઢી નાખી હતી. બીજો કોઈ આગેવાન હોત તો આટલો મોટો ફટકો પડ્યા પછી મોઢું સંતાડીને ઘરભેગો થઈ ગયો હોત. હાર્દિક પટેલ એ મુદ્દે જરા જુદી માટનો મર્દનો બચ્ચો નીકળ્યો. એણે સાપનોળિયાની લડાઈમાં ઘાયલ થયેલો નોળિયો દરમાં પેસી નોળવેલ સૂંઘીને બમણી તાકાત સથે ત્રાટકે છે એમ વિધાનસભાની ચૂંટણીમાં ધારી અસર નહીં ઊપજાવી શક્યો હોવા છતાં આંદોલનને કેડો મૂક્યો નથી. એના ઘણા સાથીદારો આજે એનાથી વિરુદ્ધ ચાલ્યા ગયા છે. એના પર બેફામ આક્ષેપો પણ થતા રહ્યા છે. અને આવા આક્ષેપો એક સમયના એના વફાદાર સાથીદારોજ કરતા થયા છે. પરંતુ હાર્દિક હાથીની ગતમાં ચાલે છે. આખરે આવું દઢ મનોબળ ચોવીસ વર્ષના તરવરિયા તોખારમાં કયાંથી આવ્યું ? લોકો હવે એને કોંગ્રેસને એજન્ટ કહેવા લાગ્યા છે. કોંગ્રેસ એને ખુલ્લું સમર્થન આપતી હોવાનું પણ ઊડીને આંખે વળગે એ હદે સ્પષ્ટ થઈ ચૂક્યું છે. હાર્દિક પાસે ગમે તેવા ચમરબંધી વિરુદ્ધ ગમે તેવી આકરી ભાષામાં નિવેદન કરવાની ગ્રામીણ ક્ષમતા છે. એ મોદીને પડકારે છે તેમ કોંગ્રેસને પણ ટપારતો રહે છે. મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો હાર્દિક ગુરુતા ગ્રંથિથી પીડાય છે. પોતે પાટીદાર સમાજનો સર્વોચ્ચ નેતા હોવાના વહેમમાં જીવે છે. કદાચ એ મનમાં ને મનમાં ભાવિ મુખ્યમંત્રી હોવાના લાડવા વાળતો હોય એમ પણ બને. ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ પછી ગુજરાતમાં પાટીદાર સમાજના સર્વાશ્લેષી 'માસ લીડર'ની જે ખોટ વરતાય છે તે પૂરવાની ક્ષમતા હાર્દિક પટેલમાં છે ખરી? રાષ્ટ્રીય કક્ષાના શરદ યાદવ અને યશવંત સિન્હા જેવા નેતાઓને યુવાન પાટીદાર નેતાને સપનાં જોતો કરી દીધો છે એ નક્કી !

શ્રીફળ વધેરી ધરાવવાનો હેતુ શું ?

રંગ-ઉમંગ
કાનન ઓઝા

નારિયેળના ફળને આપણે શ્રીફળ કહીએ છીએ. શા માટે એ ફળને 'શ્રીફળ' કહીએ છીએ તે જાણવા જેવી વાત છે. નારિયેળનું ફળ એ નિઃસ્વાર્થ સેવાનું પ્રતિક છે. કારણ કે નારિયેળનાં વૃક્ષનો દરેક ભાગ - થડ, પાંદડાં, ફળ વગેરે મનુષ્યને કોઈને કોઈ કામમાં આવે છે. પાંદડામાંથી ઘરનું છાપરું બને છે. તેમાંથી સાદડી અને આસન બને છે. નારિયેળની છાલમાંથી કાથી બને છે જે અનેક કામોમાં આવે છે. નારિયેળના કોપરામાંથી તેલ અને સાબુ બને છે. કોપરાનું છીણ રસોઈને સ્વાદિષ્ટ બનાવવામાં વપરાય અને તેના કોપરામાંથી મળતું પાણી તંદુરસ્તી માટે ખુબ જ ઉપયોગી છે. નારિયેળનું વૃક્ષ જમીનમાંથી ખારું પાણી ચૂસી લઈ તેનું રૂપાંતર મીઠા પાણીમાં કરે છે. આથી તો નારિયેળના વૃક્ષને કલ્પવૃક્ષ કહે છે. આયુર્વેદના અનેક ઔષધમાં નારિયેળના ફળનો ઉપયોગ કરવામાં આવે છે.

આથી નારિયેળના ફળને 'શ્રીફળ' કહે છે. જે શ્રી એટલે સંપત્તિ અને સગવડ મનુષ્યના જીવનમાં લાવે છે. નારિયેળને શ્રીફળ કહેવું આમ યથાયોગ્ય જ છે.

આ શ્રીફળને વધેરવાની પરંપરાને પણ સમજવા જેવી છે. આપણે ત્યાં ભારતમાં શુભ અને સારા પ્રસંગોએ શ્રીફળ વધેર્યા બાદ જ જે તે પ્રસંગની શરુઆત થાય છે. તે પાછળ કારણ છે. અગાઉના કાળમાં માનવી પોતાના પાશવી વૃત્તિઓનાશમન માટે તેના પ્રતીકરૂપે પશુબલિ આપતો હતો. આ પ્રથાના સ્થાને શ્રીફળ વધેરવાનો ચીલો શરૂ થયો હતો તેમ માનવાને ઘણાં કારણો છે.

શ્રીફળ વધેરી તેના જળને તથા અંદર રહેલી મલાઈ કે કોપરાને પ્રસાદ તરીકે પ્રભુને ધરવામાં આવે છે અને પછી ભક્તોમાં વહેંચવામાં આવે છે. તે તો સર્વવિદીત છે. નારિયેળ એટલે શ્રીફળ - આપણને એ સંદેશ આપે છે કે તમે પણ મારી જેમ નિઃસ્વાર્થ સેવાનું પ્રતિક બનજો. તમારું સર્વસ્વ તમે સેવા સ્વરુપે જ સર્વવિદીત છે. નારિયેળ એટલે કે શ્રીફળ - આપણને એ સંદેશ આપે છે કે તમે પણ મારી જેમ નિઃસ્વાર્થ સેવાનું પ્રતીક બનજો. તમારું સર્વસ્વ તમે સેવા સ્વરુપે જ વાપરજો. શ્રીફળ વધેરતી વખતે બીજો સંદેશ એ મળે છે. 'મારા મનમાં રહેલી પાસવી કે ખરાબ વૃત્તિઓ નાશ પામો અને શુદ્ધ મીઠા જળ જેવા શુદ્ધ અને સારા વિચારો મારા મનમાં પ્રવેશો.'

આપણી પરંપરામાં વિવિધ દેવો સાથે ફળોનાં નામ જોડાયેલાં છે. જેમ કે રામફળ, સીતાફળ, અને શ્રીફળ, શ્રી એટલે લક્ષ્મીજી, લક્ષ્મીજીનું ફળ એટલે માનવામાં આવે છે. શુભકાર્યો જેવા કે હોમહવન, લગ્નપ્રસંગ કે ધાર્મિક પ્રસંગે એ સૌ પ્રથમ શ્રીફળને યાદ કરવામાં આવે છે. કોઈ પણ પ્રસંગમાં શુકનના ચિહ્નના રૂપે શ્રીફળ આપવામાં આવે છે, કારણ કે તેનાથી આદર વ્યક્ત થાય છે અને સાથે સાથે તેમાં શ્રી લક્ષ્મીજીના શુકન થતાં હોય છે.

કયા વૈજ્ઞાનિકે ઓઝોનની શોધ કરી હતી?

ઓઝોન દિવસ

૧ ઓઝોન વાયુમાં ઓક્સિજનાના કેટલા પરમાણું હોય છે?
(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) ચાર

૨ કયા વૈજ્ઞાનિકે ઓઝોનની શોધ કરી હતી ?
(અ) શોનબેઈન (બ) મિસ્ટર ઓઈજોન
(ક) રોબર્ટ બોઈલ (ડ) રોબર્ટ કૂક

૩ પૃથ્વીની સપાટીથી કેટલા કિમી. સુધી ઓઝોન પડ આવેલ છે?
(અ) ૦ થી ૧૫ કિ.મી. (બ) ૧૫ થી ૫૦ કિ.મી.
(ક) ૫૦ થી ૭૫ કિ.મી. (ડ) ૭૫ થી ૩૦૦ કિ.મી.

૪ સૂર્યમાંથી આવતા કયા કિરણો ઓઝોન પડને નુકશાન કરે છે?
(અ) પારરક્ત કિરણો (બ) ગામા કિરણો
(ક) પારજાંબલી કિરણો (ડ) એક્સ-રે

૫ ઓઝોન પડ યુવી કિરણોને કઈ રીતે રોકે છે?
(અ) પાછા મોકલે છે
(બ) શોષી લે છે
(ક) ખતમ કરે છે
(ડ) શુદ્ધ કરીને પૃથ્વી પર મોકલે છે

ખજાનો
અનિલ પટેલ

૬ જૂના રેફ્રીજરેટરમાં પહેલો કયો ગેસ વપરાતો...?
(અ) મિથેન
(બ) બ્યુટેન
(ક) એમોનીયા
(ડ) કાર્બન ડાયોકસાઈડ

૭ નવાં રેફ્રીજરેટરોમાં કયા વાયુનો ઉપયોગ થવા લાગ્યો ?
(અ) કલોરોફલોરો કાર્બન (બ) ઈથેન
(ક) ઓર્ગન (ડ) પ્રોપેન

૮ ઓજોન પડને નુકસાન કરે તેવા રસાયણોને શું કહે છે ?
(અ) ઓડીકે (બ) ઓડીએસ
(ક) ઓઝોન કિલર (ડ) ત્રણેયમાંથી એક પણ નહીં

૯ એન્ટાર્કટિકામાં ઓઝોન સ્તરમાં ગાબડું છે તેવું નક્કી કરનાર ત્રણ વૈજ્ઞાનિકોમાં કોનો સમાવેશ થતો નથી?
(અ) શેનેબેઈન (બ) જોસેફ ફારમેન
(ક) બ્રેઈન ગ્રેન્ડીયર (ડ) જોન્સન સેનકેઈન

૧૦ ઓઝોન સુરક્ષા માટે ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૭ના રોજ કયા કરાર થયા ?
(અ) જીનીવા કરાર (બ) ગ્રીનીચ પ્રોટોકોલ
(ક) રીયાદ - કરાર (ડ) મોન્ટ્રીયાલ પ્રોટોકોલ

૧૧ યુએસની કયા વર્ષની બેઠકમાં ૧૬ સપ્ટેમ્બરને ઓઝોન દિન તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે ?
(અ) ૧૯૮૭ની (બ) ૧૯૯૦ની
(ક) ૧૯૯૪ની (ડ) ૨૦૦૦ની

૧૨ વર્ષ - ૨૦૧૮ માટે ઓઝોન દિનની વિષયવસ્તુ શું છે ?
(અ) Save Ozene : Save Life
(બ) Ozene and climate : Restored by a world united
(ક) Caring for all life under the sun
(ડ) Keep cool carry on : the montriel protocol.

૧૩ પૃથ્વીનો કયા પ્રદેશમાં ઓઝોન સ્તર સૌથી વધુ પાતળું જોવા મળ્યું ?
(અ) ઉત્તર ધ્રુવ પર (બ) દક્ષિણ ધ્રુવ પર
(ક) વિષુવવૃત્ત પર (ડ) દક્ષિણ અમેરિકા પર

૧૪ હાલમાં કલોરોફલોરો કાર્બન ગેસના બદલે કયો ગેસ વધુ વપરાય છે ?
(અ) મિથેન (બ) ઈથેન
(ક) એચ.એફ.સી. (ડ) એમોનિયા

૧૫ નીચેનામાંથી કઈ બનાવટમાં ઓડીએસ વપરાતા નથી ?
(અ) ફોર્મ બનાવવા (બ) એરોસોલ સ્પ્રે
(ક) બોડી સ્પ્રે (ડ) પીવીસી બનાવવા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૧૪ સપ્ટેમ્બર : અંધજન દિવસ / હિન્દી દિન**
  - નોબેલ પારિતોષિક વિજેતા રશિયન વૈજ્ઞાનિક ઈવાન પોટ્રોવિચ પાવલોવનો જન્મદિવસ (૧૯૩૬)
  - 'ડિવાઈન કોમેડી' જેવા અમર મહાકાવ્યના સર્જક ફલોરેન્સના મહાકવી દાન્તે એલી લિમેરીનું અવસાન (૧૩૨૧)
  - ક્રિકેટર રોબિનસિંહનો જન્મદિવસ (૧૯૬૩)
- **૧૫ સપ્ટેમ્બર : એન્જીનીયર દિવસ**
  - 'ભારત રત્ન' એન્જીનીયર અને વૈજ્ઞાનિક મોક્ષગુડમ વિશ્વેશ્વૈયાનો જન્મદિવસ (૧૮૬૧) એન્જીનીયર દિવસ તેમની યાદમાં ઉજવાય છે.
  - 'દેવદાસ' અને 'પરિણીતા' જેવી હીટ ફિલ્મોના સર્જક શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મદિવસ (૧૮૭૬)
  - દ્રવિડ આંદોલનના જનક સી.એન. અન્નાદુરાઈનો જન્મદિવસ (૧૮૦૯)
  - બ્રિટીશ વૈજ્ઞાનિક એલેકઝાન્ડર ફ્લેમિંગેએ પેનિસિલિનની શોધ કરી. (૧૯૨૮)
  - નવી દિલ્હીમાં પ્રથમ ટી.વી. કાર્યક્રમની શરુઆત થી (૧૯૫૯)
- **૧૬ સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિવસ / વિશ્વ શાંતિ દિવસ**
  - 'પદ્મભૂષણ' એવોર્ડ પ્રાપ્ત કરનાર ખ્યાતનામ ગાયિકા સુબ્બોલક્ષ્મીનો જન્મદિવસ (૧૯૧૬)
  - ગુજરાતી સાહિત્યના સર્જક એવા કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ (૧૯૧૧)
- **૧૭ સપ્ટેમ્બર :**
  - ઈંગ્લેન્ડથી ઓસ્ટ્રેલિયાનું ઉડ્ડયન કરનાર ઈંગ્લેન્ડના સર ફ્રાન્સિસ ચિચેસ્ટનો જન્મ દિવસ (૧૯૦૧)
  - કેળવણીકાર, સેવામૂર્તિ અને આયુર્વેદાચાર્ય બાપાલાલ વૈદ્યનો જન્મદિવસ (૧૯૮૬)
- **૧૮ સપ્ટેમ્બર : વર્લ્ડ વોટર મોનીટરીંગ ડે**
  - હિન્દી ફિલ્મની અભિનેત્રી શબાના આઝમીનો જન્મદિવસ (૧૯૫૦)
  - અંગ્રેજી સાહિત્યકાર ડૉ. સેમ્યુઅલ જહોન્સનો જન્મદિવસ (૧૭૦૯)
- **૧૯ સપ્ટેમ્બર :**
  - ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાની પુણ્યતિથી (૧૯૬૫)
  - આંતરરાષ્ટ્રીય પર્યાવરણવિદ રૂબિન ડેવિડનો જન્મદિવસ (૧૯૧૨)
  - સાહિત્યકાર હરિન્દ્ર દવેની જન્મજયંતિ (૧૯૩૦)
  - અજિત શેઠની જન્મજયંતિ (૧૯૩૨)
  - મરાઠી મુગલી ઈશા કોપીકરનો જન્મદિવસ (૧૯૭૬)
- **૨૦ સપ્ટેમ્બર :**
  - શહીદ વિનોદ કિનારીવાલાનો જન્મદિવસ (૧૯૨૪)
  - સાહિત્યકાર 'ગુલાબદાસ બ્રોકર'નો જન્મદિવસ (૧૯૦૯)
  - સુલતાન ફિરોજશાહ ત્રીજાનું નિધન (૧૩૮૮)
  - ગાયત્રી પરિવારના સ્થાપક આચાર્ય પંડિત રામશર્માનો જન્મદિવસ (૧૯૧૧)
  - બ્રિટીશ સેનાએ દિલ્હી પર કબ્જો કર્યો (૧૮૫૭)
  - અસ્પૃશ્યતાના વિરોધમાં ગાંધીજીના ઉપવાસ (૧૯૩૨)

ગત સપ્તાહના સવાલનો જવાબ

આંતરરાષ્ટ્રીય વિશ્વ ઓઝોન દિન કયા દિવસે ઉજવાય છે?

જવાબ : ૧૬ સપ્ટેમ્બર

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) રૂચિત એ. પટેલ : ધોળેશ્વર (૫) મહેશ જાદવ : રાયસણ (૬) અમન વિરાજ શાહ : સે-૭બી (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) અનિકેત સુમેસરા : સે-૨૪ (૯) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૧૦) હાર્દિક ભટ્ટ : સે-૨૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

શિક્ષણમાં આમુલ પરિવર્તન લાવનાર દિલ્હીના શિક્ષણમંત્રીનું નામ શું છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

રાધા : કૃષ્ણપ્રેમની ધારા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભાદરવા સુદ આઠમનો દિવસ હતો. વિંધ્યાગિરીને ત્યાં કન્યાનો જન્મ થયો. એ દિવસ મથઉરાધિપતિ કંસની બહેન પૂતના આવી અને કન્યાનું અપહરણ કરીને નાસી. પરંતુ સાચવી શકી નહિ અને નીચે પડી ગઈ.

મથુરા પાસે રાવળ નામે ગામ હતું. ત્યાં કોપનાયક વૃષભાનુ હતા. કન્યા નદીના જળમાં પડી કે તરત જ વૃષભાનુએ લઈ લીધી. ગોપદંપત્તી રાજી રાજી થયા. વૃષભાનુએ તેનું નામ 'રાધા' પાડ્યું. કન્યાના જેવા ગુણ એવું નામ. સૌ કોઈ એને જોઈને રાજી થાય. સૌને પ્રસન્ન રાખે એટલે રાધા. નાનપણથી જ એ સમજુ હતી. પરિપક્વ હતી.

વૃષભાનુ હવે વૃંદાવનમાં આવીને સ્થિર થયા. રાધાને વિશાલા, લલિતા વગેરે આઠ સખીઓ હતી. એકવાર આમાંની એક વૃંદાએ વૃષભાનુને સલાહ આપી - 'રાધા માટે નંદ અને યશોદાના પુત્ર કૃષ્ણ લાયક છે.' રાધા પાસે કૃષ્ણની પ્રશંસા પહોંચી હતી. એ મનોમન રાજી થઈ. વૃષભાનુની સંમતિથી વૃંદા નંદ અને યશોદા પાસે આવી. એણે આ પ્રસ્તાવ એમની પાસે મૂક્યો. કૃષ્ણ ગાયો ચરાવવા નીકળતા હતા, એણે આ પ્રસ્તાવ સાંભળ્યો. એ મનોમન રાજી થયા. એની પાસે પણ રાધાની પ્રશંસા આવી હતી.

કૃષ્ણએ પોતાના મનોવિનોદ માટે રાધાનું ચિત્ર દોર્યું હતું. રાધાની સખી દ્વારા રાધાએ આ ચિત્ર જોયું. એણે કૃષ્ણને પત્રમાં પોતાનો પ્રેમ પ્રગટ કર્યો. આ પત્ર સખીએ કૃષ્ણને પહોંચાડ્યો.

વૃંદાવનની કુંજગલીમાં રાધા કામદેવનું પૂજન કરતી હતી. ત્યાં કૃષ્ણ પ્રગટ થયા. કામદેવની પ્રતિમાની સાક્ષીએ બંનેને ગાંધર્વ લગ્ન કર્યા.

યમુનાના કિનારે બંને આનંદ કરતા હતા. પ્રેમ હોય, ત્યાં રુસણું પણ હોય જ. કોઈક કારણે કૃષ્ણથી નારાજ થઈને, રાધા ચાલવા લાગી. એના પગલાં કિનારાની રેતીમાં પડતા હતા. કૃષ્ણએ પગલાંમાં પોતાનાં ચરણ મૂકતા. માત્ર આટલાથી એ રોમાંચિત થઈ ગયા. રાધાનો રોષ આ જોઈને ઊતરી ગયો. એ પ્રસન્ન થઈ.

કંસે એકવાર ઉદ્ધવને, કૃષ્ણ અને બલદામને બોલાવવા મોકલ્યો. ઉદ્ધવ રથમાં બંનેને બેસાડીને જતા હતા. રાધાને સંદેહ થયો કે આમાં કોઈ રાજકપટ છે. એણે રથને અટકાવ્યો. પણ કૃષ્ણ બલરામ અટક્યા નહિ. રાધાને કૃષ્ણનો જીવ જોખમમાં લાગ્યો. 'કૃષ્ણ વિના ન જીવાય.' એમ વિચારીને રાધાએ યમુનામાં જળપ્રવેશ કરી લીધો.

યમુના સૂર્યપુત્રી હતા. રાધા હવે સૂર્ય પાસે પહોંચી ગઈ.

યાદવ સેનાનાયક સત્રાજિત હતો. તે સૂર્ય ઉપાશક હતો. એની ઉપાસનાથી પ્રસન્ન થઈને, ભગવાન સૂર્યએ એને સ્યમંતક મણિ આપ્યો; સાથે આ કન્યા સોંપી. એનું નામ 'સત્યભામા' આપ્યું.

સત્રાજિતે આ મણિ પ્રસેનને આપ્યો હતો. આ મણિને કંઠમાં પહેરીને પ્રસેન અરણ્યમાં ગયો, ત્યાં સિંહે એણે ફાડી ખાધો. સત્રાજિતે કૃષ્ણ ઉપર આક્ષેપ મૂક્યો કે 'મણિની લાલચમાં કૃષ્ણ પ્રસેનને મરાવ્યો છે.'

કૃષ્ણે પ્રસેનનું પગેરું દબાવ્યું. સાચી હકીકત જાણી. મણિ લઈને આવ્યા અને સત્રાજિતને સોંપી દીધો. સત્રાજિતે પ્રસન્નતા વ્યક્ત કરી અને સત્યભામાને કૃષ્ણ સાથે પરણાવી. ભગવાન સૂર્યના આદેશથી સત્યાભામાએ કૃષ્ણ પાસે રહસ્ય ખોલ્યં કે 'પોતે જ રાધા છે.'

ભાદરવા સુદ આઠમ 'રાધા અષ્ટમી' છે. આ દિવસે રાધાની ઉપાસનાથી, રાધાની અને કૃષ્ણની બંનેની કૃપા પ્રાપ્ત થાય છે.